# શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા

## બી.સી.એ. સેમ-૧ **બીજો** પ્રવેશ રાઉન્ડ

## વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના

બી.સી.એ.સેમ-૧ માં જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલની વેબસાઇટ પર ઓનલાઇન ફોર્મ ભરેલ છે તેવા વિદ્યાર્થીઓના GCAS દ્વારા મેરીટ જનરેટ કરવામાં આવેલ છે. મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ ઓફર લેટર મોકલી આપવામાં આવેલ છે. આવા વિદ્યાર્થીઓએ પોતાના GCAS ના લોગીનમાંથી કોલેજ પસંદ કરેલ પ્રવેશ લેવાનો હોય તેનો **ઓફર લેટર તથા GCAS પર ભરેલ ફોર્મની સાથે તા.૧૩/૦૬/૨૦૨૬, સવારે-૮ થી ૧ વાગ્યા સુધીમાં ફી ભરીને પ્રવેશ કન્ફર્મ કરાવવા કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.** કોલેજનુ ઓનલાઇન જનરેટ થયેલ મેરીટ લીસ્ટ કોલેજની વેબસાઇટ પર તથા કોલેજના નોટીસબોર્ડ પર મૂકવામાં આવેલ છે.

**પ્રવેશ તથા મેરીટ યાદી અંગે અગત્યની સૂચના :**

- **બીજા** પ્રવેશ યાદીમાં સમાવેશ પામેલ વિદ્યાર્થીઓને ફોર્મમાં પસંદ કરેલ કોલેજના આધારે ઓફર લેટર તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મોકલી આપેલ છે.
- વિદ્યાર્થીઓએ પોતાના GCAS પોર્ટલના લોગીનમાંથી ઓફર લેટર તથા ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કઢાવીને કોલેજમાં ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા સ્વ-પ્રમાણિત નકલોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફાઇ કરાવીને તે જ દિવસે **ઓનલાઇન પ્રવેશ ફી ભરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે.** ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફી નહીં ભરો તો તમારું નામ અમારી કોલેજની પ્રવેશ પ્રક્રિયામાંથી આપોઆપ નીકળી જશે અને આગળના રાઉન્ડમાં આપ ભાગ લઇ શકશો નહિ.
- રીપોર્ટીંગ દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આપે ભરેલ વિગતો ખોટી માલુમ પડશે તો આપનો ઓફર લેટર રદ કરવામાં આવશે અને આપ કોલેજમાં પ્રવેશ મેળવી શકશો નહિ.
- આપનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે આપે GCAS પોર્ટલ પર રજીસ્ટર્ડ કરાવેલ મોબાઇલ નંબરવાળો મોબાઇલ ઓટીપી માટે સાથે લઇને આવવું.
- **આપને આપના પસંદ કરેલ કોલેજ અનુસાર મેરીટ મુજબ ઓફર લેટર આપવામાં આવેલ છે.**
- જો કોઇ વિદ્યાર્થી ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં અને ખોટી વિગતો-પ્રમાણપત્રો રજૂ કરવાથી તેઓ કોલેજમાં પ્રવેશથી વંચિત રહી જાય છે તો તેની સઘળી જવાબદારી જે-તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

## ઓફર લેટર મળ્યા બાદ વિદ્યાર્થીએ નીચે જણાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ સાથે કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.

૧. GCAS પોર્ટલ પર ભરેલ ફોર્મની પ્રિન્ટ.

૨. GCAS પોર્ટલ મળેલ જે-તે પસંદગીના વિષયના ઓફર લેટરની પ્રિન્ટ.

૩. ધોરણ-૧૦ ની તમામ પ્રયત્નોની માર્કશીટ.

૪. શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૫. ધોરણ-૧૨ ની તમામ પ્રયત્નોની માર્કશીટ.

૬. શાળામાંથી મળેલ ટ્રાયલ પ્રમાણપત્ર.

૭. માર્ચ-૨૦૨૬ પહેલા ધો-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય તો રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર પર ગેપ અંગેનું નોટરી કરેલ સોગંદનામાની નકલ.

૮. જાતિ અંગેના દાખલાની નકલ. (SEBC/SC/ST/EWS કેટેગરી - લાગુ પડતું હોય તેમના માટે)

૯. ફોર્મમાં SEBC(OBC) કેટેગરી દર્શાવેલ વિદ્યાર્થીઓએ તા.**૦૧/૦૪/૨૦૨૪ પછી થી** કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૦.ફોર્મમાં EWS કેટેગરી દર્શાવેલ આર્થિક રીતે નબળા વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓએ તા. **.૦૧/૦૪/૨૦૨૪ પછી થી** કઢાવેલ EWS પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૧. આધારકાર્ડની નકલ.

૧૨. APAAR ID (ABC ID) ની નકલ.

૧૩. અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC) લાવવાનું રહેશે.

૧૪. સ્પોર્ટસ કેટેગરી દર્શાવેલ હોય તો રાજય અથવા કેન્દ્ર સરકારના પ્રમાણપત્રોની નકલ.

૧૫. દિવ્યાંગ દશાર્વેલ હોય તો દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ.

૧૬. પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો.

*નોંધ - ઉપરોક્ત પ્રમાણપત્રો અસલ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાના રહેશે.*

**વિદ્યાર્થીઓએ તા.૧૦/૦૬/૨૦૨૬ થી તા.૧૩/૦૬/૨૦૨૬ સુધીમાં સવારે ૮-૦૦ થી ૧૨-૩૦ વાગ્યા સુધીમાં ઓફર લેટર સાથે કોલેજમાં રૂબરૂ રીપોર્ટીંગ કરીને ઓનલાઈન ફી ભરવાની રહેશે.**

# **શ્રીમતિ ચંદનબેન એસ.એસ.શાહ બી.સી.એ. કોલેજ, ડીસા**

## બી.સી.એ.સેલ્ફ ફાયનાન્સ માટે ફીની વિગત

| વર્ગ | વિભાગ | મુખ્ય વિષય | જાતિ | ફી |
|---|---|---|---|---|
| બી.સી.એ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | કોમ્પ્યુટર સાયન્સ | ભાઇઓ | રૂા.૧૦૭૭૫/- |
| | | | બહેનો | રૂા.૧૦૭૭૫/- |

ફી ઓનલાઇન ભરવામાં આવશે. ફી ભરવા માટે વિદ્યાર્થી પાસે ફોનપે/ ગુગલપે/ નેટ બેંકીંગ જેવી ઓનલાઇન એપ્લીકેશન હોવી જોઈએ. ડેબીટ કાર્ડ તેમજ ક્રેડીટ કાર્ડથી ફી ભરી શકાશે.

**રોકડમાં ફી કોલેજમાં સ્વીકારવામાં આવતી નથી.**

તા.૦૮/૦૬/૨૦૨૬